ગાંડીવ બાલોદ્યાનમાળા
પુષ્પ: : ચૌદમું

# કચુંબર

૧૪

પ્રગટકર્તા

ગાંડીવ સાહિત્ય મંદિર
૧૮૦, કેળાંપીઠ
સુરત

કિંમત ૦-૩-૦ ] [ [illegible] ૧૯૨૮

ભેટ

આશિષ અને વ્હાલ સાથે



સંવત ૧૯૮૪ ના ચૈત્રમાં

# સ્વાદિયાં બાળકોને

વ્હાલાં બાળકો, તમને ખારૂં ખાટું ખાવાનો બહુ શોખ છે, નહિ વારૂ? તો આવો, તમારે માટે મેં કચુંબર તૈયાર કરી છે.

આ કચુંબર તમને ઘણી ભાવશે એવી મારી ખાતરી છે. એમાં કેળાંનો ગળ્યો સ્વાદ છે, કાચી કેરીનો ખાટો સ્વાદ છે, કમરખનો દાંતને ખટાવે તેવો સ્વાદ છે, સફરજનનો મીઠો સ્વાદ છે, જમરૂખની લહેજત છે; એમાં મીઠું નાંખ્યું છે, મરી નાંખ્યાં છે, જીરૂ ભભરાવ્યું છે, આદાની કચ્ચરો પણ નાંખી છે, લીલી હળદ પણ થોડી થોડી ઉમેરી છે; મરચાં પણ જરાતરા તો હોયજ ને?

તમે આ કચુંબર ખાજો, ને તમને તે કેવી ભાવે છે તે મને લખી જણાવજો.

તમારો

[illegible]

# બાળકોના વડીલોને

ગુજરાતમાં બાળ સાહિત્ય હવે ઠેર ઠેર પ્રગટવા લાગ્યું છે. પરન્તુ બાળ સાહિત્ય એટલે હજુ સુધી તો માત્ર પરીઓની અને જાદુઇ વાતો એવોજ કંઇક અર્થ થતો આવ્યો છે. ગાંડીવ બાલોદ્યાનમાલાએ એ દૃષ્ટિબિન્દુ નથી રાખ્યું. તેમાં બકુલ ને નીલમ જેવી રૂપ કથાઓ સાથે ભીષ્મ ને જય બજરંગ જેવાં ચરિત્ર પણ પ્રગટ થયાં છે. તોફાની ટીપુડો જેવી પ્રાણીજીવનની કથા બહાર પડી છે, બીરબલનો બન્ધુ જેવી ચાતુર્યકથાને સ્થાન અપાયું છે, બાળવિહાર દ્વારા વિજ્ઞાનનો રસ પણ કેળવવા પ્રયત્ન થયો છે. હવે આ કચુંબર પીરસીએ છીએ. એમાં ઇતિહાસ છે ને ભૂગોળ છે, ગણિત છે ને કિંડરગાર્ટન છે; ભાષાનું જ્ઞાન છે, ગમત છે, વિજ્ઞાન છે; મોજ છે, મઝા છે, બધું છે. ગુજરાતના બાળસાહિત્યમાં આ એક નવીજ વસ્તુ છે એમ માનીએ છીએ. અભ્યાસ બાળકને કંટાળા રૂપ ન બનતાં રસભર્યો બને, શોખની વસ્તુ બને એવી કંઇક અસર આ ચોપડી પાડે તો એને સાર્થક માનીશું.

બાલોદ્યાનમાલાને આપના તરફથી પૂરતું ઉત્તેજન આપશો અને તમારા બાળકોના જીવનમાં રસ પૂરશો એવી આશા સાથે વિરમીએ છીએ.

નટવર વીમાવાળા

ચન્દ્રલાલ વીમાવાળા

# કચુંબર

# ગાંડીવ સાહિત્ય મંદિર

**ગાંડીવ અઠવાડિક**
દર રવિવારે પ્રગટ થાય છે. તેમાં આખા ગુજરાતની ખબરો, નોંધો, રમુજી અને સાહિત્યની ચર્ચા પ્રગટ થાય છે. લવાજમ પો. ખર્ચ સાથે રૂ. ૩).

**ગાંડીવ છાપખાનું**
ગયા પાંચ વરસની કારકીર્દિમાં આ છાપખાનાએ શુદ્ધ અને સ્વચ્છ છાપકામ કરવા માટે અજબ ખ્યાતિ મેળવી છે.

**ગાંડીવ સાહિત્ય**
મંદિરના આ વિભાગમાં તમામ ઉત્તમ લેખકોનાં વખણાયલાં પુસ્તકો તેમજ નિર્દોષ, રસીલી અને બોધક કૃતિઓ મળી શકે છે. લ્હાણી કરવા લાયક ચોપડીઓ માટે ત્યાંજ લખો

---

**સરનામું: ૧૮૦, કેળાંપીઠ સુરત.**

---

સુરત આવો, ત્યારે
જરૂર મુલાકાત લેશો.

## કાંદો કેવો હોય ?

નાના સરખા ગોરધનદાસ
લુગડાં પહેરે સો પચાસ

## હાથીને પગે તાળાં મારો

હાથી ધમધમ ચાલે
પાતાળ પાણી હાલે
પાતાળ પાણી કાળાં
હાથીને પગે તાળાં

## આવું રમશો ?

જગુ, ભગુ, રમુ, તારા ને ચંચળ બધાં જગુને ઘેર ભેગાં થયાં. જગુ કહે: આજે આપણે એક નવી રમત રમીએ. એટલે તારા પૂછે: શેની ?

જગુ બોલ્યો: જુઓ હું આ ઓરડામાં રહું છું. તમે બધાં બહાર ચાલ્યા જાઓ. તે પહેલાં આ ઓરડામાં શું શું છે તે ધારીને જોઈ લો ને યાદ રાખો. તમે બહાર જશો એટલે બારણું બંધ કરી, ઓરડામાંની ગમે તે એક ચીજ લઈને હું આ જોડેની ઓરડીમાં સંતાડી દઈશ. પછી તમને અંદર બોલાવીશ. મેં શું સંતાડ્યું છે તે જે સૌથી પહેલું કહે તે જીત્યો કહેવાય. પછી તે અંદર રહેશે અને હું બહાર આવીશ. અને તે વસ્તુ સંતાડશે. એમ વારે વારે આપણે રમીશું. કેમ ? તમને તે ગમશે ?

રમુ કહે: હા, હા, ભાઈ ! એમાં તો બહુ મઝા પડશે.

જગુ બોલ્યો: ચાલો ત્યારે, આપણે રમીએ.

પછી બધાં રમવા મંડી પડ્યા.

તમે આ પ્રમાણે રમજો. બહુ મઝા પડશે.

## બળદ અને ટેબલ

કીકુ: નટુ, હું પૂછું તે કહેશે ?

નટુ: પૂછ, જોઉં.

કીકુ: બળદ ને ટેબલ બંને એક સરખાં કેમ ?

નટુ: ઓહોહો ? એમાં શું પૂછ્યું ? બંનેને ચાર પગ છે તેથી. હવે તું કહે જોઉં. ક્યા ગામમાં ને શહેરમાં કંઈ ફેર નથી ?

કીકુ: સુરત.

## વાંક એટલે શું ?

વાંક=ગુન્હો.
વાંક=વાંકું હોય તે, ખાંચ.
વાંક=એક જાતનું ઘરેણું.
કોણી પાસે પહેરાય છે તે.

## શોધી કાઢો ?

સાચી વાત મને નહિ કહો?

એ વાક્યમાંથી એક આંકડો, છોકરાઓનાં બે નામ અને એક દેશનું નામ એમ ચાર વસ્તુ શોધી કાઢો.

## ભૂગોળની રમત

રમનારા સાત કે આઠ જોઇએ. એક કાગળનો દડો બનાવવો, અને દાવ નક્કી કરી એક જણને આપવો. તેણે તે દડો લઇ રમનારામાંથી ગમે તે એકને મારવો અને મારતાં મારતાં તરત ગમે તે એક દેશનું નામ દેવું. એ પરથી જેને દડો વાગે તેણે તે દેશની નદી અથવા શહેર અથવા પર્વત અથવા સરોવરનું નામ તરત દેવું જોઇએ. તે દે નહિ તો હાર્યો કહેવાય ને રમતમાંથી બાતલ થાય. જો તરત નામ દે તો પછી દડો તેના હાથમાં આવે અને તે એ રીતેજ મારે. દાખલા તરીકે રમણે ભાનુને દડો માર્યો ને મારતાં બોલ્યોઃ નેપાળ.

ભાનુએ તરત બોલવું જોઇએ: ખટમન્ડુ.

પછી ભાનુ દડો ફેંકતાં બોલે: આસામ.

જેને દડો વાગે તે બોલે: બ્રહ્મપુત્રા.

(આવી રીતે, જે દેશનું નામ દે ત્યાં થતી વસ્તુનું નામ દેવું એવી શરતથી પણ રમાય. દાખલા તરીકે સવાલ: ખંભાત. જવાબ: સુતરફેણી. સવાલ: સુરત જવાબ: બરફી. વગેરે. આજ રમત ઉંધી રીતે પણ રમાય. સવાલ: જલેબી. જવાબ: વડોદરા. સવાલ: હીરા. જવાબ: ગોવળકોંડા.)

## દિલગીર ક્યારે થવું

પણ તે કહિ ગુસ્સે થઇ બોલે
વિપત તને પડશે વણ તોલે
તો પછી દિલગીર થાવું ક્યારે
કાલે કાલે ભાઇ કાલે!

## છાપરે છાપરે

છાપરે છાપરે મગ વેરાયા?
એ શું? વરસાદ
છાપરે છાપરે પાથરણાં પથરાયા?
એ શું? તડકો.

## ઉભા ને આડા

કા ત ર
ત પા સ
ર સ ના

રસના એટલે જીભ.

તમને પુરસદ મળે ત્યારે આવા નવા પાંચ બનાવજો.

## ક્યાંથી શું મંગાવશો?

પટોળાં પાટણથી મંગાવવાં
ભરતકામ સુરતથી વસાવવું
ખડબુચાં અમદાવાદથી આવે છે
સુતરફેણી ખંભાતની સારી
મગફળીનો પાક દાહોદમાં ઘણો
થાપડા ભાવનગરના વખણાય છે
સોપારી માંગરોળનાં મજાનાં

## રબરના ઉપયોગ

રબરથી લખેલું ભુંસાય
રબરના દડા બને
રબરના પુકકાં થાય
રબરના પેંડા બનાવાય
રબરથી વિજળી દૂર ભાગે
રબરનો પાક આફ્રિકામાં ઘણો છે.

## જગાનો ભાઇ ભગો

આ રમત બહુ સારી છે. જ્યારે દશ બાર છોકરા રમવામાં હોય ત્યારે તો ઘણીજ મઝા આવે છે. બધાએ ગોળાકારમાં ઉભા રહેવું અને એક જણને દાવ આપવાનું નક્કી કરીને વચ્ચે ઉભો રાખવો. તેની આંખે પાટા બાંધવા જોઇએ. પછી રમત શરૂ થાય. એટલે પાટાવાળો વચ્ચે ઉભો રહે અને છોકરાઓ ચક્કરમાં ફરવા માંડે. પછી દાવ લેનાર આંગળી કરીને બૂમ પાડે, કેઃ જગાનો ભાઇ ભગો ! એટલે જેના તરફ આંગળી કરી હોય તેણે ચક્કરની વચ્ચે આવવું પડે અને પેલો દાવ લેનાર પકડી શકે નહિ એવી રીતે ચક્કરમાં ને ચક્કરમાં ખસતા રહેવું અને પકડાઇ જાય તો ઉભા રહેવું. પછી દાવ લેનારે (જગાએ) તેના શરીર પર હાથ ફેરવીને તેનું ખરૂં નામ કહેવું જોઇએ. તે ખરૂં નામ કહી શકે તો તેના પાટા છોડી નાંખવા. અને પકડાયલો છોકરો પાટા બંધાવી જગો બને. આ પ્રમાણે રમત ચાલુ ને ચાલુ રહી શકે છે અને તેમાં ઘણીજ મઝા આવે છે.

## ક, મ અને ભ

કાકાએ કાકીને કહ્યુંઃ કબાટમાંથી કેરી, કમરખ, કાંદા કાઢી કચુંબર કરો.

મેના માશીએ મજુર મારફતે મલમમાં મે-

ળવવા માખણ મંગાવ્યું.

ભલાં ભાભીએ ભાનુને ભાવથી ભાગાકાર ભણાવ્યા.


દ, ત, અને રનાં આવાં વાક્ય તમે બનાવવાની મહેનત કરજો.

## સાત સળીની મઝા

એક ચોરસને ચાર બાજુ હોય. બે ચોરસને આઠ બાજુ હોય. તમારે સાત દિવાસળીઓ તમારા મિત્રને આપવી અને કહેવું: બોલ આ સાત સળી વતી બે ચોરસ તું બનાવી શકશે ?

દોસ્ત વિચારમાં પડશે, કે એમ કેવી રીતે બને ? બે ચોરસ બનાવવા માટે તો આઠ સળીજ જોઈએ.

તે વેળા તમે એક બાજુ બંનેમાં સામાન્ય રાખી બાજુમાં બતાવેલા ચિત્ર પ્રમાણે બે ચોરસ બનાવીને



બતાવજો.

## જરા ગમ્મત

નાનુ: બોલ, મનુ, હું પૂછું તે કહેશે ?

મનુ: પૂછ.

નાનુ: નદી ઝાડના જેવી કેમ હોય ?

મનુ: બંનેને મૂળ હોય છે તેથી. હવે તું કહે. કયું

સ્ટેશન ચામડીના રોગવાળું છે ?

નાનુઃ દાદર, કેમકે દરાજનું બીજું નામ દાદર છે.

## એક યુક્તિ

એકથી નવ સુધીના આંકડાનો સરવાળો કરો. કેટલા આવ્યા ? ૪૫

નવને દશે ગુણો ને બે વડે ભાગો. ૪૫ આવશે. બંને રકમ સરખી છે.

એકથી ચોવીસ સુધીના આંકડાનો સરવાળો કરો. કેટલા આવે છે ?

ચોવીસને પચીસે ગુણો અને બે વડે ભાગો.

બંને રકમ સરખી છે. કોઇ પણ રકમ માટે આ રીતે કરી જોજો. ખરૂં પડશે.

## કોયડાની રીત

એક જણે થોડાં બોર વેચાતા લીધા. રસ્તે તેનો ભાઇ મળ્યો. અડધાં તેને આપી દીધાં. આગળ ચાલતાં તેની બ્હેન મળી. જેટલાં રહ્યાં હતાં, તેટલામાંના અડધાં તેને આપ્યાં. વળી આગળ ચાલ્યો. એટલે તેનો ભત્રીજો મળ્યો. બાકી હતાં તેમાંના અડધાં તેને આપ્યા. છેવટે ઘેર પહોંચ્યો ત્યારે તેની પાસે બેજ બોર હતાં અને પોતે એકે ખાધું નહોતું; તો ખરીદતી વેળા બોર કેટલાં ?

આવા દાખલા કરવાની રીત આ છેઃ દાખલો છેલ્લેથી

ગણુવો. એની પાસે બે બોર રહ્યાં. ભત્રીજાને અડધા આપ્યા ને અડધા બાકી રહેલા તે બે. એટલે ભત્રીજો મળ્યો તે વેળા ચાર હતા. પણ તે તો બહેનને આપતાં આપતાં વધેલાં અડધા હતા. એટલે બહેનને ભાગે ચાર આવેલાં ને કુલ આઠ હતા. એજ રીતે ભાઇ મળ્યો તે વેળા બીજા આઠ હતા. તે તેને અડધા તરીકે આપી દીધેલા. આમ કૂલ સોળ ખરીદ કીધાં હતાં.

આ જાતનો દરેક દાખલો આમ ઉંધી રીતે કરવો.

## કવિતા કોણે લખી ?

ભલો દેશ મારો, ભલી ભોમ મારી
મને પ્રાણથી નિત્ય છે એજ પ્યારી

આ બે લીટીનો બનાવનાર કોણ ?

## જાદુઇ દોરી

એક દોરી લઇને તેને અડધે ભાગે લાલ અને અડધે ભાગે ભૂરી રંગો. પછી એક ખાલી ફીરકી (દોરાની) લેવી. દોરાના બંને છેડા તેના વચલા કાણામાંથી સામસામા પસાર કરો અને બહાર નીકળે એટલે તેને ગાંઠી દો. હવે તમારો જાદુ શરૂ થશે. દોરીની ગાંઠવાળો ભાગ હાથમાં રાખો ને નીચેનો ભાગ પગમાં ભેરવો. પછી ફીરકીને બીજા હાથ વડે ઉંચેથી નીચે ને નીચેથી ઉંચે સરકાવો એટલે લાલ દોરો ભૂરો બની જતો અને ભૂરો દોરો લાલ બની જતો દેખાશે.

## રમુજી રમત

આ રમતમાં ગમે તેટલા છોકરા છોકરી ચાલશે. ચાર પાંચ હોય ત્યાં સુધી સારૂં. જેમ વધારે હોય તેમ વધારે મઝા.

દરેકના હાથમાં કોરો કાગળ ને સીસાપેન જોઈએ. મુખ્ય દાવ લેનાર પાંચ મથાળાં લખાવે. જેમકે–દેશ, ફુલ નામ, ફળ. જાનવર.

| દેશ | ફુલ | નામ | ફળ | જાનવર |
|---|---|---|---|---|
| | | | | |

આ પ્રમાણે મથાળાં બધાંયે લખી લેવાનાં. પછી દાવ લેનાર ગમે તે એક અક્ષર બોલે. તે અક્ષરથી શરૂ થતાં તે તે વસ્તુનાં નામ તે તે મથાળા નીચે દરેકે લખવાનાં. જેમકે તે મ બોલે તો દેશના મથાળા નીચે મોરોક્કો ફુલના મથાળા નીચે મોગરો, નામના મથાળા નીચે મોહન, ફળના મથાળા નીચે મરવો, પ્રાણીના મથાળાં નીચે મગર એ પ્રમાણે લખાય. તે ક બોલે તો દેશના મથાળાં નીચે કેનેડા, ફુલમાં કેસુડાં, નામમાં કેશવ, ફળમાં કમરખ ને પ્રાણીમાં કાબર કે કાગડો લખી શકાય.

આ પ્રમાણે દસ અક્ષરો બોલવાનો રિવાજ કરવો. અને દરેક માટે એકેક મિનિટ જેટલો વખત આપવો.

દશ મિનિટને અંતે જેણે સૌથી વધારે નામ લખ્યાં હોય તે જીત્યું ગણાય અને બીજાઓને લખાવવાનો હક મેળવે.

## વર વહુનાં ફળ

કયાં વરવહુનાં નામ ફળોએ ચોરી લીધાં છે? રામ સીતાનાં. રામફળ તમે ખાધાં છે? સીતાફળ તો ખાધાંજ હશે.

## કહેવત કઇ?

(૧) હિનચ આં નેચ સા

(૨) ળ ધુનીળ ધુ લેટ પોનેરચો

(૩) ભરાસક તારકૂડેત હિન

(૪) આ બ પ ળ સ નમા હિન
હિ ન ળ જ ન માસ ઘમે

(૫) મરે ણુરેકાકા કમતેક

આ પાંચ કહેવતોના અક્ષરો ઉલટપાલટ થઇ ગયા છે તે બરાબર ક્રમ વાર ગોઠવી કહેવત શોધી કાઢો. શોધ્યા પછી જવાબ છેલ્લે પાને જોજો. શોધતા પહેલાં જોઇ લેવાનુ આળસ કરશો નહિ.

## શબ્દચોરસ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મ | ગ | જ | | ર | ત | ન |
| ગ | ર | મ | | ત | રા | ક |
| જ | મ | ણ | | ન | ક | લ |

| | |
|---|---|
| અ સ ર | ટે બ લ |
| સ લા મ | બ ગા ડ |
| ર મ ત | લ ડ ત |

આવા શબ્દચોરસો તમે ગમત, ફરાક, વજન, ખારેક વગેરેના બનાવો. ઘણી મઝા પડશે.

## રંગનું જાદુ

લાલ પીળો ને વાદળી ત્રણ રંગમાંથી જુદા જુદા બીજા રંગ બને છે. હવે પીળામાં ધોળો ઉમેરીએ તો ઝાંખો પીળો થાય એ સૌ જાણે છે. તમારે થોડા મિત્રોને ભેગાં કરી કહેવું. હું રંગનું જાદુ કરૂં છું. તેમને એક વાડકીમાં પીળી ભુકી ને બીજીમાં ધોળી ભુકી બતાવવી. પછી બંને ભેગાં કરવાં. એટલે બધી ભુકી લાલ લાલ થઇ જશે અને નટુ, રમુ, ચીમન, કાન્તિ બધા અજાયબી પામશે.

આવું કરવા માટે પીળા રંગને બદલે બારીક દળેલી હળધર લેવી અને ધોળા રંગને બદલે બારીક ઘુંટેલો સંચોરો લેવો. એ બંનેને ભેગાં કરવાથી લાલ લાલ થઇ જશે. આ લાલ વસ્તુ તે કંકુ છે.

## શબ્દોની કિંમત

આપણી ભાષામાં ૨ બગડા જેવો છે. ૫ પાંચડા જેવો છે, લ સવા નવ જેવો છે, મ સવા ચાર જેવો છે. આવી રીતે આપણે આ અક્ષરોમાંથી બનેલા શબ્દોની આંક-

ઠામાં રકમ બનાવી શકીએ. જેમકેઃ

પાપ એટલે સવા દશ થાય
મામ એટલે પોણાનવ થાય
રમ એટલે સવા છ થાય
મમરા એટલે પોણા અગિયાર થાય
રામ એટલે સાડા છ થાય
લાલ એટલે પોણી ઓગણીશ થાય
મલમ એટલે પોણા અઢાર થાય

આવા બીજા શબ્દો શોધી કાઢો. અને પછી તેની આંકડા રકમ કહી માંહોમાંહે તે શબ્દ શોધી કાઢવાના સવાલ પૂછો.

## અક્ષર ફેરણીની રમત

દાવ લેનારે એક શબ્દ આપવો. બીજા રમનારાઓએ વારા ફરતી તે શબ્દમાં એકેક અક્ષર ફેરવતા જવો. એવી રીતે કે એક વાર ફેરવાયલો અક્ષર બીજી વાર ફેરવાય નહિ અને ફેરવેલો અક્ષર મૂકવાથી જે શબ્દ બને તે આખો, અર્થવાળો શબ્દ હોવો જોઇએ. જેમકેઃ

મનુ દાવ લે છે. મનુ બોલ્યોઃ હું આકાશ શબ્દ બોલું છું.

એટલે ભાનુ કહેશેઃ હું શ ને બદલે ર મૂકું છુંઃ આકાર.

તનસુખ કહેશેઃ હું કા ને બદલે ચા મૂકું છુંઃ આચાર.

છેલ્લે ચીમન કહેશેઃ હું આ ને બદલે વિ મૂકું છું: વિચાર. આ પ્રમાણે શબ્દના બધા અક્ષરો ફેરવાઈ ગયા. અને આકાશમાંથી વિચાર ઉત્પન્ન થયો. એ મુજબ નીચેના નમૂના જુઓ:

| | |
|---|---|
| ચાલાક | કમળ |
| કલાક | કમર |
| કલાસ | કદર |
| કપાસ | ચાદર |

## સીતાજીનો ચોટલો હોળો

પંડોળની પોળમાં
પંદર પગથીયાં
પંદર ચઢવાં
પંદર ઉતરવાં
જઈ મહાદેવનાં
દર્શન કરવાં
મહાદેવ પછાડી ઓટલો
હોળ્યો સીતાજીનો ચોટલો.

## પાનાંનો એક ખેલ

પાનાની એક કેટમાં બાવન પત્તાં આવે છે. તેમાંથી એકજ રંગનાં (એટલે કયાં તો કાળી કે ચોકટ, કે લાલ કે ફુલેવરનાં) તેર પાનાં લેવાં. આ પાનાંઓને એવી રીતે ગોઠ-

વવાનાં છે કે તેની ચત્તી ઢગલી ગોઠવ્યા પછી છેક ઉપલું પાનું છેલ્લે ગોઠવીએ એટલે એક્કો આવે. તે કાઢી લઇ બીજું છેક નીચે મૂકીએ એટલે દુરી આવે. તે લઇ બાજુએ મૂકી પાછું એક પાનું છેલ્લે ગોઠવીએ એટલે તીરી (તીગ્ગી) આવે. તે કાઢી લઇને વળી ઉપરનું પાનું છેલ્લે નાંખીએ એટલે ચોગ્ગો આવે. આમ ઠેઠ સુધી કરતાં ક્રમવાર પંજો છગ્ગો, અઠ્ઠો, નવ્વો, દસ્સો, ગુલામ, રાણી ને બાદશાહ એકેક પાનાને આંતરેથી નીકળ્યાં જાય. કુલ પાનાં તેર જ હોય. એકે વત્તું નહિ.

તમે આમ ગોઠવવા પ્રયત્ન કરી જોજો. જવાબ છેલ્લે પાને જુઓ.

## જનાવરોના દેશ

શાહમૃગ આફ્રિકામાં થાય છે.
કાંગારૂ આસ્ટ્રેલિયામાં થાય છે.
ચમરી ગાય હિમાલય પર રહે છે.
ઉંટ મારવાડમાં ઘણા હોય છે.
બળદ કડીના વખણાય છે.

## ફળ અને શાક

ક્યાં ફળમાં ને પ્યાલામાં કંઇ ફેર નથી?
જમરૂખ કેમકે તે જામફળ છે. ( જામ=પ્યાલો )
કયું શાક શરીરે પહેરવામાં વપરાય છે?
ચોળી.

## પાસ એટલે શું?

પાસ=અસર (પાસ લાગવો તે)
પાસ=પરીક્ષામાં પસાર
પાસ=પાસે (કવિતામાં વપરાય)
પાસ=ટિકીટ (ઘણુંખરૂં મફતની)

## જલદી બોલી જુઓ

નીચેનાં વાક્યો જેમ બને તેમ ઝડપથી બોલવાનો પ્રયત્ન કરજો. કંઇ ને કંઇ ભૂલ થયા વિના રહેશેજ નહિ.

સુપડામાં સાનીવાની વાની મેલી સાની ખાઉં
તાડ ઉપર કાગ બેઠો ઉતર કાગ તાડ ખાઉં

## આ રમત રમજો

આઠ દશ જણા રમનારા ભેગા થાય પછી બે જણાને દાવ લેવા માટે નક્કી કરવા. બંને જણાએ એક નાકે જઇ મનમાં. એક ધંધો નક્કી કરવો. અને તે ધંધાને લગતી એક વસ્તુ મનમાં ધારવી. પછી બીજાઓ પાસે જઇ કહેવું કેઃ ગાંધી લુંટાયો (અથવા મોદી લુંટાયો, સરૈયો લુંટાયો, સુખડીયો લુંટાયો, પસ્તાગીયો લુંટાયો વગેરે) કોણુ કેટલા લે છે?

રમનારાઓ પોતપોતાની શક્તિ પ્રમાણે હું બે લઉં છું, હું ચાર લઉં છું એમ કહે છે. પછી પોતાની સંખ્યા પ્રમાણે તે ધંધાને લગતી વસ્તુઓનાં નામ દેવાનાં, એવી

રીતે કે પેલાનું ધારેલું નામ ન આવવું જોઇએ.

ધારેલું નામ જેનામાં બોલતાં આવી જાય તે પકડાયો કહેવાય ને બાજુએ બેસે. આમ પકડાયા વગર જે સૌથી વધારે નામ બોલ્યો હોય તે હવે પછી દાવ લેવા જાય. દાખલા તરીકેઃ

કાન્તિ, શાન્તિ, રમણુ, નવીન, બાબુ, બાલુ ને હીરો એટલા રમે છે. શરૂમાં કાન્તિ ને હીરો દાવ લેવા ગયા ને પસ્તાગીયો લુંટાયો એમ નક્કી કરી મનમાં કોબીનું નામ ધાર્યું. ને પછી બધા પાસે આવીને બોલ્યાઃ કાછીયો લુંટાયો. કોણ કેટલા લે છો?

શાન્તિ કહેઃ ચાર, રમણુ કહેઃ પાંચ, નવીન કહેઃ બે, બાબુ કહેઃ એક ને બાલુ કહેઃ ત્રણ. પછી શાન્તિ બોલવા માંડેઃ રતાળુ, તુરીયાં સુરણુ ને ચીભડાં.

રમણુ કહેઃ કંટોળા, કારેલાં, ભીંડાં, ગુવાર, આદુ

નવીન કહેઃ કાંદા ને ચોળી.

બાબુ કહેઃ કોબી—(બાબુ પકડાઈ ગયો ને બાતલ થયો.)

પછી રમણુ ને હીરો દાવ લેવા જાય. આમ રમત ચાલુ રાખશો તો ઘણી મઝા પડશે.

## કરોળીયા વિષે

કરોળીયા તું પૂર્ણ કળાધર<br>
જુક્તિએ શી રચતો જાળ

માખી મચ્છરને લલચાવી
થઇ બેસે તું તેનો કાળ
લાખ તણા તું તાર બનાવી
આડાં અવળાં ગૂંથે ગૂઢ
વણાટ તેનો એવો બારીક
માણસ વણકર થાતો મૂઢ.

ગણિતનો ચમત્કાર

૯ = ૯
૧૮ = ૧+૮ = ૯
૨૭ = ૨+૭ = ૯
૩૬ = ૩+૬ = ૯
૪૫ = ૪+૫ = ૯
૫૪ = ૫+૪ = ૯
૬૩ = ૬+૩ = ૯
૮૧ = ૮+૧ = ૯
૯૦ = ૯+૦ = ૯
૯×૧૯=૧૭૧ = ૧+૭+૧ = ૯
૯×૧૧૨=૧૦૦૮ = ૧+૦+૦+૮ = ૯.

ટુંકમાં નવને કોઇ પણ રકમે ગુણી જે આવે તેના આંકડાઓનો સરવાળો કરશો તો આજ પ્રમાણે નવ આવશે.

## ઇંગ્રેજી શબ્દો

કોટ ઇંગ્રેજી શબ્દ છે. ડગલો ગુજરાતી શબ્દ છે.
પેન ઇંગ્રેજી શબ્દ છે. લેખણ ગુજરાતી શબ્દ છે.
ટેબલ ઇંગ્રેજી શબ્દ છે. મેજ ગુજરાતી શબ્દ છે.
સ્કુલ ઇંગ્રેજી શબ્દ છે. નિશાળ ગુજરાતી શબ્દ છે.
કમીશન ઇંગ્રેજી શબ્દ છે. વળતર ગુજરાતી શબ્દ છે.

## ઉપયોગી ચીજો

હરડે ખાવાથી દસ્ત સાફ આવે છે
પીપર ખાવાથી ભૂખ વધારે લાગે છે
સંચળ ખાવાથી વાયુ નાશ પામે છે
ધાણાનો ઉપયોગ બુદ્ધિ વધારે છે
લવંગ કફનો નાશ કરે છે

## ક્યાંથી જવાય?

સિનોર જવા મીંયાગામથી આગગાડી બદલાય.
પેટલાદ જવા આણંદથી ગાડી બદલાય.
લુણાવાડા જવાને ગોધરાથી ગાડી બદલાય.
બારડોલી જવાને સુરતથી ગાડી બદલાય.
આમોદ જવાને ભરૂચથી ગાડી બદલાય.
વઢવાણ જવા વીરમગામથી ગાડી બદલાય.

## સિંધવ ક્યાં ક્યાં થાય છે?

સિંધવ નીચેનાં સ્થળોએ ખૂબ થાય છે:

જેલમ અને સિંધુ નદીની વચ્ચે આવેલી મેયો નામની ખાણોમાં.

ત્યાંથી ૭૦ માઇલ દૂર વારચા નામની ખાણોમાં.

ત્યાંથી સો માઇલ દૂર કાલાબાગની ખાણોમાં.

પેશાવર અને બન્નુની ખીણ વચ્ચેના પ્રદેશ–કોહાટમાં.

હિમાલયની પાસે.

## ઔરંગઝેબ

રોજ પાંચ વાગે ઉઠી પ્રાર્થના તથા પૂજા કરતો.

સાડા સાત વાગે ખાનગી ફરિયાદોના ફેંસલા આપતો.

સાડા આઠ વાગે પોતાના સૂવાના ઓરડાના ઝરૂખામાં ઉભો રહી બધાંને દર્શન આપતો.

સવા નવ વાગે દરબારમાં આવી બે કલાક બેસતો.

સવા અગિયાર વાગે અમલદારોને બોલાવી રાજકાજની ચર્ચા કરતો.

પછી જમતો અને થોડી વાર સૂતો.

બે વાગે ઇશ્વર પ્રાર્થના–ખાસ મસ્જીદમાં.

અઢી વાગે ખાનગી ઓરડામાં લખવા વાંચવાનું.

સાડા પાંચ વાગે ખાનગી દરબાર.

સાત વાગે ખાસ દરબાર તથા વજીરો સાથેની ચર્ચા. તે નહિ હોય તો ધાર્મિક ચર્ચા. નાચ કે ગાયન કદિ નહિ.

પોણા આઠે કચેરી બરખાસ્ત.

આઠ વાગ્યા પછી વાંચવાનું અને ઉંઘવાનું.

## ઘાણીની ગમ્મત

વાંકું ચૂકું લાકડું
ને ઉપર બેઠો હાઉ
મારૂં ઉખાણું ન છોડે
તેનું નાક કરડી ખાઉં.

**જવાબઃ ઘાંચીની ઘાણી**

## કહો જોઇએ

કયું જાનવર તોળવાના કામમાં આવે છે?
સિંહ; કેમકે તે શેર પણ કહેવાય છે.
ખેડા જીલ્લાનું કયું ગામ સ્ત્રીઓને મળતું આવે છે?
નાર; કેમકે એ શબ્દનો અર્થ સ્ત્રી પણ થાય છે.
કયા આંકડા વગર કોઇ પણ ઘરને ચાલતું નથી?
બાર; કેમકે તેનો અર્થ બારણું પણ થાય છે.

## એક ગમ્મત

એક કાગળ લ્યો. હાથમાં પેન્સીલ રાખો. પછી તમારી આંખે પાટા બાંધો. ત્યાર બાદ કાગળ પર માણસના શરીરના જુદા જુદા ભાગો એક પછી એક છૂટા છૂટા ચીતરવાનો પ્રયત્ન કરોઃ જેમકે હાથ, પગ, માથું વગેરે. તે પતી રહે પછી તમારી આંખ ઉઘાડીને જુઓ એટલે તમારા પોતાના કામ પર તમનેજ ખડખડ હસવું આવશે.

## ઉભો આડો સરવાળો

નીચે એક ત્રણુખાનીઓ ચોરસ છે. તેના ઉભા ને આડા ખાનાઓના સરવાળા બધી બાજુથી પન્દર થાય છે. ૧ થી નવ સુધીના આંકડાઓજ ઉપયોગમાં લીધા છે તે ધ્યાન રાખીને જુઓ.

૧૫

| | | |
|---|---|---|
| ૧ | ૬ | ૮ |
| ૫ | ૭ | ૩ |
| ૯ | ૨ | ૪ |

૧૫

આ બીજું એવું છે જેનો સરવાળો ઉભો ને આડો એકવીસ થાય છે. પરન્તુ તેમાં ૨થી ૧૨ સુધીના આંકડાઓ પૂરા નથી; ૩ અને ૧૧ ખૂટે છે. આવા અક્ષર ચોરસો તમે ૧૧, ૩૧, ૫૧ માટે બનાવવા પ્રયત્ન કરજો.

૨૧

| | | |
|---|---|---|
| ૭ | ૧૨ | ૨ |
| ૮ | ૪ | ૯ |
| ૬ | ૫ | ૧૦ |

૨૧

## ગવૈયાને શું નકામું—

હિંગ મરચું ને આમલી,
સોપારી ને તેલ;
જો ગાવાનો ખપ પડે તો,
પાંચે વસ્તુ મેલ.

## યાદદાસ્ત

તમારી યાદશક્તિ કાચી છે ? ના રે ના. એવું કંઈજ નથી. જુઓ. નીચેના ચોવીશ શબ્દ તમે એકજ વાર વાંચી જાઓ. પછી ચોપડી બંધ કરી દો, અને બોલવા માંડો. તમે બધા શબ્દો જરા પણ ભૂલ વગર બોલી શકશો.

| | | |
|---|---|---|
| ૧ મગજ | ૯ માટલું | ૧૭ હલેસું |
| ૨ મગર | ૧૦ ઘડો | ૧૮ ખલાસી |
| ૩ ગરમ | ૧૧ દોરડું | ૧૯ દરિયો |
| ૪ રમણ | ૧૨ કૂવો | ૨૦ હડીઓ |
| ૫ ગમન | ૧૩ ટાંકું | ૨૧ પત્રાળી |
| ૬ ગમ્મત | ૧૪ નદી | ૨૨ લાડુ |
| ૭ હિંમત | ૧૫ તળાવ | ૨૩ દુધપાક |
| ૮ મતલબ | ૧૬ હોડી | ૨૪ ભજીયાં |

## જાણવા જોગ

આમોદના ચપ્પુ વખણાય છે
જામનગરની મિઠાઈ વખણાય છે

ઘોઘાના ગાંઠીયા વખણાય છે
ભરૂચનો ગુંદરપાક વખણાય છે
ધોળકાનાં જમરૂખ બહુ વખણાય છે
ચલાળાનાં દાડમ ઠેઠ વિલાયત જાય છે

## ખાર એટલે

ખાર=મીઠું અને તેના જેવા ખારા તત્વો
(ક્ષાર)
ખાર=વેરબુદ્ધિ, દ્વેષ
ખાર=મુંબઇ પાસે ગામનું નામ છે.

## હારના અર્થ

હાર એટલે ફુલની માળા
હાર એટલે લઢાઇમાં પરાજય
હાર એટલે ઓળ, પંગત
(હારબંધ ઉભા રહેવું તે)

## ટકવાળા શબ્દો

છેલ્લે 'ટક' એ બે અક્ષરથી પૂરા થતા કેટલા શબ્દો તમને જડે છે? એક કાગળ પેન્સીલ લઇ લખવા બેસો. જુઓ, થોડાં આપ્યાં છે.

નાટક ચેટક અટક કટક

## તમને શું ભાવે છે ?

અમલસાડમાં કેરી ઘણી થાય છે.
સુંથમાં કેળાં ઘણાં થાય છે.
વસાઇમાં કેળાં ઘણાં થાય છે.
રાજકોટમાં તડબુચ ઘણાં થાય છે.
ડુમસમાં ફાલસા સારા થાય છે.

## અથાણાં કેટલી જાતનાં ?

કેરીનું અથાણું થાય.
લીંબુનું અથાણું થાય.
ગુંદાનું અથાણું થાય.
વાંસનું અથાણું થાય.
બોરનું અથાણું થાય.
ગરમલનું અથાણું થાય.
ખારેકનું અથાણું થાય.
સુરણ અને બટાટાંને રાઈ દઈને તેનું અથાણું કરી શકાય.

## મુખ્ય ધર્મ કયા ?

ચીના લોકો બૌદ્ધ ધર્મ પાળે છે.
આરબ લોકો મુસલમાન ધર્મ પાળે છે.
ઇંગ્રેજ લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે.
પારસી લોકો જરથોસ્તી ધર્મ પાળે છે.

## એ ગામનું નામ શું ?

એક હવા ખાવાનું સ્થળ છે. તેના નામના ત્રણ અક્ષર છે. તેમાં છેલ્લો ને પહેલો મળી રસ્તો થાય છે. છેલ્લો ને વચલો ખુશી બતાવે છે અને પહેલો ને ત્રીજો ને બીજો એક પછી એક ગોઠવીએ તો માલ વેચવાની એક જાતની રીત જણાય છે. તો એ ગામ કયું ?

(જવાબ છેલ્લે પાને જુઓ)

## એ શું ?

નહિ વાંસલો, નહિ વિંધણું
નહિ કારીગર સુતાર
અદ્ધર ઘર ચણાવિયાં
રાજા ભોજ કરે વિચાર

એ શું ?......................સુગરીનો માળો.

બધા પક્ષીઓમાં સૌથી સરસ માળો બાંધવાની કળા સુગરીને આવડે છે.


## આ સાંભળ્યું છે ?

ખાટ ખટુકે, ખાટે કડાં
ખાટે બેઠાં બે જણાં
ભાંગે સોપારી ને ચાવે પાન
બે જણા વચ્ચે બાવીસ કાન

જવાબ=રાવણ ને મંદોદરી.

## ધૂમકેતુનો ખેલ

આ ખેલમાં ગમે તેટલાં ગમે તે પાનાં લેવાં અને તેને નીચેના એટલે પુંછડીયા તારાના આકારમાં ગોઠવવાં. આ પ્રમાણે:



હવે તમારે ભેગા થયેલા ભાઈઓને કહેવું કે હું બીજા ઓરડામાં જાઉં છું. તે દરમ્યાન તમારા મનમાં ગમે તે આંકડો ધારો. આ આંકડો જેટલા પાનાં ગોઠવ્યાં હોય તેની સંખ્યાથી વધારે હોવો ન જોઇએ. જેમકે આકૃતિમાં એકત્રીસ પાનાં ગોઠવ્યાં છે તો એકત્રીસ સુધીનો ગમે તે આંકડો ધારી શકાય. અગિયાર, સાત, પાંચ, પચીસ ગમે તે.

પછી પુંછડાથી હરેક પાના પર ટકોરી મારતાં મારતાં ચકકરમાં બાજુવાળી દિશાએ જવું. આંકડા જેટલી ટકોરી મરાઇ રહે એટલે છેલ્લી ટકોરીવાળા પાનાથી ઉંધા ફરી પાછી તેટલીજ ટકોરી ચકકરમાં મારવી. ( પુંછડામાં જવું નહિ ) અને તે છેલ્લું પાનું જોઇ લેવું, તથા યાદ રાખવું. પછી મને બોલાવજો એટલે હું આવીને તેર ટકોરીઓ મારીશ. તે તેરમાં તમારૂં પાનું આવે છે કે કેમ તે તમારે મને કહેવું. એટલે હું તમને તે પાનું શું છે તે કહી આપીશ.

આ ખેલની જુકિત એવી છે કે પુંછડીમાં જેટલા પાનાં હોય તેટલામું ટકોરીની દિશાથી ઉંધી બાજુનું પાનું ધુમકેતુ ગોઠવતી વખતે પહેલાંથી જોઇ લેવું. એકજ પાનું ન જોવું. બધાં જોવાનો ડોળ કરવો અને તે પાનું યાદ રાખવું. ધારનારો ગમે તે સંખ્યા મનમાં ધારશે પરંતુ તેની ટકોરીઓ પરથી પાનું તેજ આવશે. આકૃતિમાં તે પાના પાસે નિશાની કરેલી છે. પાનાં બદલ્યા શિવાય ખેલ બે વાર કરશો તો યુક્તિ પકડાઇ જશે.

## અજબ શાહી

એક સાબુનો ટુકડો લ્યો. તેને જરા ભીનો કરી તેના વડે એક કાગળ પર તમારૂં નામ લખો અથવા ગમે તે લખો. કાગળ કોરોજ દેખાશે. પછી તેને પાણીમાં બોળી આંખ સામે ધરો એટલે તે અક્ષરો ચોકખા દેખાશે.

વિલાયતના લોકોમાં એવો ધારો છે કે એપ્રિલ

મહિનાની પહેલી તારીખે ગમે તે માણસ ગમે તેની ગમે તેવી મશ્કરી કરી શકે. તે દિવસે મિત્રો આવી રીતે ગમે તેવું મશ્કરીનું લખાણ લખી એક બીજાને મોકલી આપે છે.

## પાનની પટ્ટી લાલમલાલ

કોણે હિમાળો સેવિયો
કોણે સેવી આગ
કોણે કરવત મૂકાવીઉં
ને કઈ રાણીને કાજ?

જવાબ

કાથે હિમાળો સેવિયો
ને ચુને સેવી આગ
સોપારીએ કરવત મૂકાવિયાં
રાણી નાગરવેલને કાજ

કાથો ખેરનાં ઝાડમાંથી થાય છે. ખેરનાં ઝાડ પહાડો પર અને ઠંડીમાંજ થાય છે.

## પાણીની નીચે સાથીયા

એક થાળી લેવી. તેની અંદર સહેજ દીવેલ ચોપડી દેવું. પછી તે ઉપર રંગ વડે સાથીયો કે ગમે તે ચિત્ર પાડવું. થોડી વાર પછી તેના ઉપર ધીમે ધીમે ધીરી ધારે પાણી રેડો અને થાળી ભરી દો. સાચવીને પાણી રેડશો તો સાથીયો જરા પણ ભુંસાયા વિના જેમનો તેમ રહેશે. અને દિવેલનો

પાસ દેખાશે નહિ એટલે જોનારાઓ અજાયબી પામશે.

## બાળકોએ શું વાંચવું?

બાળકો માટે ત્રણ માસિકો નીકળે છે. પૈસા ભરીએ તો તેના અંક દર મહિને મહિને આવે. તે ચોપાનીયાંનાં નામ નીચે મુજબ છે.

બાળમિત્ર આણંદથી નીકળે છે.
બાળક ગોધરાથી નીકળે છે.
બાળજીવન વડોદરાથી નીકળે છે.
મોટા છોકરાઓ માટેનું કુમાર માસિક અમદાવાદથી નીકળે છે.

### જવાબો

ચીમન, વામન, ચીન, સાત,....હજીરા....સત્તા એકકો, નવો દૂરી, અઠ્ઠો તીરી, ગુલામ ચોગ્ગો, નવ્વો પંજો, બાદશાહ છગ્ગો. આ પ્રમાણેના ક્રમમાં તેર પાનાંને ગોઠવી દેવા. તે પછી એકેક પાનાને આંતરે કાઢયા જવાથી ઠેઠ સુધી ક્રમ જળવાઈ રહેશે. આવી રીતે બે પાનાંનો અને ત્રણ પાનાંનો આંતરો પણ બનાવી શકાય.

(૧) સાચને આંચ નહિ (૨) ચોરને પોટલે ધૂળની ધૂળ (૩) ભસતા કૂતરા કરડે નહિ (૪) આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ (૫) કામ કરે તે કામણ કરે.

સલામ આલેકુમ